ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૮૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી જુના સચિવાલય પાસે,
ગાંધીનગર
તા.૨૯/૦૪/૨૦૨૧

| ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં માસ પ્રમોશનથી વર્ગ બઢતીની સૂચનાઓની સ્પષ્ટતા બાબત. |
|---|

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માસ પ્રમોશનના અંગેની સૂચનાઓ સંદર્ભે સ્પષ્ટતા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૯૬-૪૨૧૬ તા.૨૭/૦૮/૨૦૧૮
(૨) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ તા.૧૬/૦૪/૨૦૨૧
(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૩૨-૭૦ તા.૨૩/૦૪/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર-૨ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરીને ઉપલા ધોરણમાં લઈ જવા માટેની જોગવાઈ થયેલ છે. સંદર્ભદર્શિત પત્ર-૩ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં આવેલ તમામ માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને માસ પ્રમોશન માટેની જોગવાઈઓની જાણ કરવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભદર્શિત પત્ર-૩ અંગે શાળાના આચાર્યો / શિક્ષકો મારફતે શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માં COVID-19 ની પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીઓની હાજરી અને આંતરિક મૂલ્યાંકન, એકમ કસોટી તેમજ પ્રથમ પરીક્ષા સંદર્ભે કેટલીક રજૂઆતો અત્રેની કચેરીને મળેલ છે. ઉક્ત રજૂઆતોના પ્રત્યુત્તરમાં આ સાથે સામેલ પત્રક-A મુજબ FAQs તૈયાર કરેલ છે. તે ધ્યાને લઈ માસ પ્રમોશન અંગેની કાર્યવાહી કરવાની રહે.

બિડાણ :-

- પત્રક – A મુજબના FAQs

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

પરીપત્ર નં - ૬૯૨

ક્રમાંક:પરક્ષ/માસ પ્રમોશન/૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૩૦/૦૪/૨૦૨૧

ઉપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned by CamScanner

## પત્રક – A

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના પરિણામ તૈયાર કરતી વખતે ઉદ્‌ભવેલ પ્રશ્નો અને નિરાકરણ (FAQs)

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૧ | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી પ્રથમ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ નથી તો પ્રથમ પરીક્ષાના ૫૦ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા પ્રથમ કસોટીની પુન: પરીક્ષા (રી ટેસ્ટ) ઓનલાઈન યોજીને મૂલ્યાંકન કરવાનું રહે. |
| ૨ | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સામયિક કસોટી (એકમ કસોટી) માં ઉપસ્થિત રહેલ નથી તો આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સામયિક કસોટી (એકમ કસોટી) ના ૧૦ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા સામયિક કસોટી (એકમ કસોટી) ની પુન: પરીક્ષા (રી ટેસ્ટ) ઓનલાઈન યોજીને મૂલ્યાંકન કરવાનું રહે. |
| 3 | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ નોટબુક સબમિશનમાં ઉપસ્થિત રહેલ નથી તો આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ નોટબુક સબમિશનના ૦૫ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા નોટબુક સબમિશન માટે વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમિયાન વર્ગકાર્ય અને ગૃહકાર્યને આધારે ઓનલાઈન મૂલ્યાંકન કરવાનું રહે. |
| ૪ | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સબજેક્ટ એનરીચમેન્ટ એકટીવીટીમાં ઉપસ્થિત રહેલ નથી તો આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સબજેક્ટ એનરીચમેન્ટ એકટીવીટીના ૦૫ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા સબજેક્ટ એનરીચમેન્ટ એકટીવીટી માટે વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમિયાન વિષયને અનુરૂપ કરવામાં આવેલ પ્રવૃત્તિ તેમજ અન્ય પ્રવૃત્તિને આધારે ઓનલાઈન મૂલ્યાંકન કરવાનું રહે. |



Scanned by CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૫ | કોઈ વિદ્યાર્થી શાળા દ્વારા ઓફલાઈન કે ઓનલાઈન લેવાયેલ પ્રથમ પરીક્ષામાં સામાજિક કારણે / માંદગીના કારણે / કે અન્ય કોઈ કારણે અમુક વિષયોની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકેલ નથી. એટલે કે અમુક વિષયોમાં ઉપસ્થિત રહેલ છે તેવા વિદ્યાર્થીને જે વિષયમાં ગેરહાજર રહેલ છે તે વિષય માટેના પ્રથમ કસોટીના ગુણાંકન માટે શું પ્રક્રિયા કરવાની થાય ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા જે વિષયમાં ગેરહાજર રહેલ હોય તે વિષયની પ્રથમ કસોટી માટેની પુન: પરીક્ષા (રી ટેસ્ટ) ઓનલાઈન યોજીને મૂલ્યાંકન કરવાનું રહે. |
| ૬ | જે વિદ્યાર્થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં સતત ગેરહાજર રહેલ છે, પ્રથમ પરીક્ષા, એકમ કસોટી કે આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરવામાં આવેલ માપદંડો મુજબની કોઈ પ્રક્રિયામાં સામેલ થયેલ નથી તેમજ શાળા દ્વારા ચલાવવામાં આવેલ હોમ લર્નિંગના પ્રોગ્રામ અંતર્ગત ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં પણ બિલકુલ જોડાયેલ નથી તેવા કિસ્સામાં માસ પ્રમોશન માટે શું પ્રક્રિયા હાથ ધરવાની થાય ? | જે વિદ્યાર્થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં સતત ગેરહાજર રહેલ છે, પ્રથમ પરીક્ષા, એકમ કસોટી કે આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરવામાં આવેલ માપદંડો મુજબની કોઈ પ્રક્રિયામાં સામેલ થયેલ નથી તેમજ શાળા દ્વારા ચલાવવામાં આવેલ હોમ લર્નિંગના પ્રોગ્રામ અંતર્ગત ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં પણ બિલકુલ જોડાયેલ નથી તેવા કિસ્સામાં માસ પ્રમોશન માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની થાય.<br>(૧) આવા વિદ્યાર્થી માટે પ્રથમ કસોટી અને એકમ કસોટી માટે રી ટેસ્ટ ઓનલાઈન યોજીને ગુણાંકન કરવાનું રહે.<br>(૨) આંતરિક મૂલ્યાંકન માટે FAQs ક્રમ-૨, ૩ અને ૪ મુજબની કાર્યવાહી અનુસરવાની રહે. |
| ૭ | ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં ઓનલાઈન કે ઓફલાઈન સતત ગેરહાજર રહેનાર તથા પ્રથમ પરીક્ષા, એકમ કસોટી કે આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરવામાં આવેલ માપદંડો મુજબની કોઈ પ્રક્રિયા કરેલ નથી તેમજ શાળામાં પણ ઓનલાઈન કે ઓફલાઈન | આવા કિસ્સામાં ખરેખર વિદ્યાર્થી વર્ષ દરમિયાન કોઈ શૈક્ષણિક પ્રવૃત્તિ કરેલ નથી કે શાળાના સંપર્કમાં રહેલ નથી તેમજ પુન: કસોટીમાં પણ હાજર રહેલ ન હોય તો તેવા વિદ્યાર્થીના વાલી પાસેથી ઉક્ત વિદ્યાર્થી ચાલુ ધોરણમાં જ નવા શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરવા માંગે છે અને 'માસ પ્રમોશનથી વર્ગ |



Scanned by CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| | શૈક્ષણિક કાર્ય દરમિયાન જોડાયેલ નથી અને ઓનલાઈન / ઓફલાઈન હોમ લર્નિંગમાં પણ બિલકુલ જોડાયેલ નથી અને FAQs ક્રમ નં-૬ મુજબની પ્રક્રિયા કરવા છતાં વિદ્યાર્થી દ્વારા પુન: કસોટી આપવા માંગતો નથી તો તેવા કિસ્સામાં શું કરવાનું રહે ? | બઢતીનો લાભ લેવા માંગતા નથી' તેવી બાંયધરી લઈને વિદ્યાર્થીને હાલના ધોરણમાં પ્રવેશ ચાલુ રાખવાનો રહે અને આવા કિસ્સામાં વિદ્યાર્થીને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવાનું થાય તો શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રીમાર્ક્સના ખાનામાં <u>"વિદ્યાર્થી દ્વારા માસ પ્રમોશન સ્વીકારેલ નથી"</u> તેવી નોંધ કરવાની રહે. |
| ૮ | દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પાસ થવાનુ ધોરણ સામાન્ય વિદ્યાર્થીઓની જેમ ૩૩% ગણવુ ? કે દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળતા લાભ મુજબ ૨૦% ગણવુ ? | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૯૬-૪૨૧૬ તા.૨૭/૦૮/૨૦૧૮ થી નિયત કરવામાં આવેલ વર્ગ બઢતીના નિયમોના નિયમ-૮ ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની રહે. |
| ૯ | શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે બોર્ડ દ્વારા માસ પ્રમોશનનો લાભ આપીને ધોરણ-૯ માંથી ધોરણ-૧૦ માં તેમજ ધોરણ-૧૧ માંથી ધોરણ-૧૨ માં લઈ જવાની જોગવાઈ થયેલ છે. કેટલાક વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા તેઓના સંતાનને માસ પ્રમોશનથી મળનાર વર્ગ બઢતીનો લાભ લેવો નથી તો આવા વિદ્યાર્થી માટે વાલીને શું પ્રત્યુત્તર કરવો જોઈએ ? | વાલીશ્રી દ્વારા તેઓના પાલ્યને ઉપલા ધોરણમાં 'માસ પ્રમોશનથી વર્ગ બઢતીનો લાભ લેવા માંગતા નથી' તેવી લેખિત બાંયધરી મેળવીને જો વિદ્યાર્થી કૃપા ગુણ અને સિધ્ધિ ગુણ આપવાથી પાસ થતો હોય તો પણ સિધ્ધિ ગુણ અને કૃપા ગુણ રદ કરીને તે જ ધોરણમાં પુન: પ્રવેશને પાત્ર ગણવો અને આવા કિસ્સામાં વિદ્યાર્થીને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવાનું થાય તો શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રીમાર્ક્સના ખાનામાં <u>"વિદ્યાર્થી દ્વારા માસ પ્રમોશન સ્વીકારેલ નથી"</u> તેવી નોંધ કરવાની રહે. |
| ૧૦ | વિદ્યાર્થીનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ તૈયાર કરીને વિદ્યાર્થીને આપવામાં આવતા ગુણ પત્રકમાં કયા ગુણ દર્શાવવા અને વૈકલ્પિક વિષયમાં શું દર્શાવવુ ? | બોર્ડના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૩૨-૭૦ તા.૨૩/૦૪/૨૦૨૧ માં પરિણામ તૈયાર કરવાની વિગતો દર્શાવેલ છે તે ધ્યાને લઈ પ્રથમ પરીક્ષા અને આંતરિક મૂલ્યાંકનના ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતર કરીને મેળવેલ વિષયવાર ગુણને વિદ્યાર્થીના ગુણ પત્રકમાં વિષયવાર દર્શાવવાના રહે. |



Scanned by CamScanner